PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૮૩/ફવા–૦૨/૧૭–૧૮/ 571 (1) તા. 17-1-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
માલાભાઈ અરસીભાઈ સોલંકી,
ગામ: માલજીજવા
તા. તાલાલા ગીર,
જી. ગીર સોમનાથ
મો: ૯૪૨૯૩ ૬૩૬૧૦

વિષય :–ખેત જોડાણ આપવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૯–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૮૩/ફવા–૦૨/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી વેરાવળ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી,તાલાલા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૮૭/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૧૯–૧૨–૧૭ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: માલાભાઈ અરસીભાઈ સોલંકી, ગામ: માલજીજવા

રજુઆત કરનાર: અરજદાર શ્રી માલાભાઈ અરસીભાઈ સોલંકી તા.૨૭–૦૯–૧૭ અને તા.૦૩–૧૧–૧૭ ના રોજ હાજર રહેલ હતા. સદર બાબતે વાંધો લેનાર તરીકે હિરાભાઈ રામાભાઈ સોલંકી તા. ૧૯–૧૨–૧૭ ના રોજ હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી,તાલાલા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી વેરાવળ)

રજુઆત કરનાર :ડી.વી.લાખાણી – વિભાગીય કચેરી વેરાવળ

## : હુકમ :

ફરીયાદ : ખેત જોડાણ આપવા બાબત

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧. | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ ન૮૭/કવા–૦૨/૧૪–૧૫/ મુજબ , મારૂ કોઈપણ જાતનુ નિવેદન કોઈપણ અધિકારી દવારા લેવાયેલ ન હોય, તેમજ તેઓના ખેતીવાડી વીજ જોડાણ પીજીવીસીએલ તરફથી અટકાવેલ છે. અરજદાર ની જમીન મા રામાભાઈ વિરાભાઈ સોલંકી નો કોઈપણ જાતનો લાગ–બાગ કે હકક – હિસ્સો ન હોય, જે બાબતે પીજીવીસીએલ દ્રારા તેઓનુ માંગેલ વીજ જોડાણ અગ્રતાક્રમ મુજબ પાસ થયેલ હોય, ત્યારે તેઓએ ૭–૧૨ અને ૮–અ ની નકલ આપેલ અને તે નકલ મા જેટલા પણ નામ હોય, તે બધા તેઓને નવુ ખેતીવાડી વીજજોડાણ મળે તે બાબતે સમંત હોય – તે બાબત ની રૂ.૧૦૦/– ના નોટરાઇઝ સ્ટેમ્પપેપર આપેલ હોય, આમ અરજદાર ના ૭–૧૨,૮–અ,હકક પત્રક નં–૬ મા શ્રી રામાભાઈ વિરાભાઈ સોલંકી નુ નામજ ન હોય – જે ખોટી રીતે અરજદાર ને ખેતીવાડી વીજજોડાણ ન મળે તેમ ઈચ્છે છે. જેથી, અરજદાર ને સદર કેઈસ મા અન્યાય થયેલ હોય, તેમજ તેઓનુ ખેતીવાડી વીજજોડાણ મળવા પાત્ર હોય, તે કેઈસ ફરીથી રી–ઓપન કરી , તેઓને સાંભળવા માટે ની અરજ છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |
| ૧.૨ | ફરીયાદી અરજદાર શ્રી ના સગા શ્રી હિરાભાઈ રામાભાઈ સોલંકી ની તા.૧૬–૧૦–૧૭ ની અરજી અન્વયે રજુ કરેલ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ નં. ૮૭/કવા–૦૨/૧૪–૧૫/૧૦૧૬ તા.૨૧–૧૧–૧૪ મુજબ સદર બાબતે શ્રી હિરાભાઈ રામાભાઈ સોલંકી દ્રારા જણાવાયેલ કે – સદર બાબતે કોર્ટ કેઈસ ચાલુ છે. જે બાબત ધ્યાને લઈ આગળ ની કાર્યવાહી ન કરવા વિનંતી સહી ભલામણ કરેલ હતી. જે અનુસંધાને ફોરમ દ્રારા તા.૦૬–૧૧–૧૭ થી તેઓને સદર બાબતે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ ની ખરી નકલ સાથે દિવસ–૧૦ મા રજુ કરાવાનુ જણાવાયેલ હતુ. તેમજ આયોજીત મીટીંગ તા.૧૯–૧૨–૧૭ ના રોજ મા હાજર રહેવા માટે તેઓને તા.૦૮–૧૨–૧૭ ના પત્ર થી જાણકારી આપેલ હતી. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી પત્ર તા.૨૬–૦૯–૧૭ મુજબ નીચે ની વિગતો રજુ કરેલ હતી.<br>• શ્રી માલાભાઈ અરશીભાઈ એ તેમના ગામ: માલજીંજવા ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર: ૨૬ પૈકી ૩ મા નવુ સામાન્ય યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવાની તા. ૨૬–૧૨–૧૯૯૦ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે બી/૧ કેટેગરી હેઠળ મંજુર થતા, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ને તા. ૦૭–૦૫–૦૩ ના રોજ નુ રૂ. ૭,૨૫૦/– નુ ભાવપત્રક નં. ૨૪૧૨ આપવામા આવેલ હતુ. જેની રકમ રૂ. ૭,૨૫૦/– શ્રી માલાભાઈ અરશીભાઈ એ |

પીજીવીસીએલ મા તારીખ:૩૦–૦૫–૦૩ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી.

- જેથી, પીજીવીસીએલ તરફથી મંજુર જોડાણ અન્વયેનુ શ્રી માલાભાઈ અરશીભાઈ ને નવુ ખેતીવાડી વીજજોડાણ આપવા બાબતે ની વીજલાઈન ઉભી કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ હતી. આ વિજલાઈન ઉભી કરતા સમયે, શ્રી માલાભાઈ અરશીભાઈ ના પડોશીઓ દવારા ઉભી થનાર વીજલાઈન સામે, વાંધો ઉઠાવેલ હતો. જેથી, પીજીવીસીએલ તરફથી ફરી વખત, વાંધા વાળી જગ્યા સીવાય ના અન્ય સ્થળ પરથી સર્વે કરી અને શ્રી માલાભાઈ અરશીભાઈ ને નવેસરથી ભાવપત્રક જે તારીખ: ૨૫–૦૩–૨૦૦૪ ના રોજ અપાયેલ હતુ. આ સ્થળ પર પણ પડોશીઓએ વાંધો ઉઠાવતા, અરજદાર ને ફરી એક વખત પીજીવીસીએલ તરફથી ફરી એક વખત નવેસર થી સર્વે કરી અને તા. ૨૮–૦૫–૦૪ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. આમ, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ ને, વાંધાવાળી જગ્યા સીવાયની અન્ય જગ્યા પર કરાયેલ સર્વે મુજબ ના નવેસર થી અપાયેલતા. ૨૫–૦૩–૦૪ અને ૨૮–૦૫–૦૪ ના રોજ ના ભાવપત્રકો ની રકમ, શ્રી માલાભાઈ અરશીભાઈ એ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. આ રીવાઇઝ ભાવપત્રકો ની રકમ ભરવા માટે પીજીવીસીએલ તરફથી, શ્રી માલાભાઈ અરશીભાઈ ને તા. ૧૦–૦૨–૦૪, તા. ૨૮–૦૫–૦૪, તા. ૧૫–૦૭–૦૪, રોજના યાદી પત્રો આપવામા આપેલ હતા. તેમ છતા, શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી એ સદર રીવાઇઝ ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ ન હતી. જેથી, આખરે પીજીવીસીએલ તરફથી શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ને તા. ૦૮–૦૯–૦૪ ના રોજ નિયમાધીન પ્રણાલી હેઠળ નો આખરી યાદી પત્ર સાથે નો નોટીસ પત્ર પાઠવી અને શ્રી માલાભાઈ અરશીભાઈ ની સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી રદબાતલ કરેલ છે.
- હિરા રામા સોલંકી દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા અરજી કરતા – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ ન૮૭/કવા–૦૨/૧૪–૧૫/૧૦૧૬ તા.૨૧–૧૧–૧૪ મુજબ બન્ને પક્ષકારો વચ્ચે – કાનુની કેઈસ નંબર: ૦૪/૨૦૦૬ થી દાવો દાખલ કરેલ છે. તેથી શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ને વીજ જોડાણ આપવાની કાર્યવાહી સ્થગિત રાખવાનો પીજીવીસીએલ ના ફોરમ દ્વારા આદેશ આપવામા આવે છે.
- ત્યારબાદ, પીજીવીસીએલ દ્વારા શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ના નામે નવા વીજ જોડાણ અંગે ની કોઈ પ્રક્રીયા થયેલ નથી.

**૨.૨** તા.૦૧–૦૧–૨૦૧૮ ના પીજીવીસીએલ ની વિભાગીય કચેરી વેરાવળ ના ઈમેઈલ ના અનુસંધાને – ઉપરોકત સદર બાબતે – એટલેકે અરજદાર દ્વારા સર્વે નંબર: ૨૬/૩ મા માંગણી કરાયેલ વીજ જોડાણ બાબતે શ્રી ભગવાનજીભાઈ અરજણભાઈ સોલંકી દ્વારા – વાંધા અરજી પેટા વિભાગીય કચેરી તાલાલા મા રજુ કરેલ છે.

## મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

**૩.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિષ્કર્ષ કરાયેલ છે.

- શ્રી માલાભાઈ અરશીભાઈ એ તેમના ગામ: માલજીંજવા ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર: ૨૬ પૈકી ૩ મા નવુ સામાન્ય યોજના હેઠળ નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવાની તા. ૨૬–૧૨–૧૯૯૦ ના રોજ અરજી કરેલ હતી. જે અરજી અન્વયે નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, જે બી/૧ કેટેગરી હેઠળ મંજુર થતા, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ને તા. ૦૭–૦૫–૦૩ ના રોજ નુ રૂ. ૭,૨૫૦/– નુ ભાવપત્રક નં. ૨૪૧૨ આપવામા આવેલ હતુ. જેની રકમ રૂ. ૭,૨૫૦/– શ્રી માલાભાઈ અરશીભાઈ એ પીજીવીસીએલ મા તારીખ:૩૦–૦૫–૦૩ ના રોજ ભરપાઈ કરી આપેલ હતી.
- પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, સદર નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી રદબાતલ કરેલ છે.
- અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ના સર્વે નંબર: ૨૬ / ૩ મા મંજુર થયેલ ખેતીવાડી વીજજોડાણ મા – પીજીવીસીએલ દ્વારા થતી કાર્યવાહી સામે શ્રી હિરા રામા સોલંકી દ્વારા વાંધો હોય – ફોરમ મીટીંગ તા.૧૯–૧૨–૧૭ ના રોજ જુનાગઢ ખાતે રૂબરૂ રજુઆત માટે – તેઓને બોલાવેલ – જેમા કોર્ટ કેઈસ ચાલુ હોય – તેને સંલગ્ન જરૂરી દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા જણાવેલ પરંતુ, તેઓ દ્વારા જે તે વિગતો રજુ ન કરતા – તેમજ તેઓ દ્વારા સમયમર્યાદા માંગેલ – તે અન્વયે ફોરમ દ્વારા બનતી ત્વરાએ દિવસ–૦૫ મા રજુ કરવા

| | |
|---|---|
| | જણાવેલ – જે અન્વયે તેઓ દ્વારા તા.૨૨–૧૨–૧૭ ના રોજ – ઉપરોકત બાબતે સદર કેઈસ મા, સર્વે નંબર: ૨૬ / ૩ વાળી જમીન ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરેલ અને કાનુની કેઈસ નંબર: ૦૪/૨૦૦૬ ની સામે ની અપીલ ચાલુ છે, તેમ જાણવા મળેલ છે.<br>• ફરીયાદી અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ સોલંકી ના સર્વે નંબર: ૨૬ / ૩ મા મંજુર કરાયેલ ખેતીવાડી વીજજોડાણ મા તેઓ દ્વારા ભાવપત્રક ભરપાઈ કરેલ છે, પરંતુ સદર જમીન મા ભાગપાડવા મા વાંધો હોય – સદર વીજ જોડાણ આપવાની કાર્યવાહી સામે શ્રી ભગવાનભાઈ અરજણભાઈ સોલંકી દ્વારા વાંધા અરજી તા.૨૬–૧૨–૧૭ ના રોજ પીજીવીસીએલ મા રજુ કરેલ.<br>• આમ, હિરા રામા સોલંકી દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા વાંધા અરજી તા.૧૬–૧૦–૧૭ મુજબ – ફરીયાદી અરજદાર અને તેઓની વચ્ચે – કાનુની કેઈસ નંબર: ૦૪/૨૦૦૬ ની સામે અપીલ દાખલ કરેલ છે, તેમજ શ્રી ભગવાનભાઈ અરજણભાઈ સોલંકી દ્વારા સદર વીજ જોડાણ આપવા અંગે ની બાબતે – પીજીવીસીએલ અને અરજદાર વચ્ચે ની તકરાર નહી, પરંતુ વાંધો લેનાર અરજદારો અને પીજીવીસીએલ મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરનાર અરજદાર શ્રી માલાભાઈ અરશીભાઈ વચ્ચેની અંગત પણા હેઠળ ની તકરાર છે. |
| <u>૩.૨</u> | નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે કોર્ટ મા ન્યાયિક કાર્યવાહી હેઠળ પેન્ડીગ કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર છે. આ બાબતે અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે. |

<u>મુદ્દા નં.–૪ :</u> <u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | **સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે.** |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.